જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૨/૨૦૧૯ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૮/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૨૯૭ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૨૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૧૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૯/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૯૦/૧૯

**આનંદનગર :** રીશીકાંત રમેશભાઇ ખરે (ઉવ.૩૪) (રહે.મલાબાર કાઉન્ટી-૨ નિરમા યુનિવર્સીટી પાછળ, એસ.જી.હાઇવે, છારોડી) એ તા.૧૩/૦૨/૧૯ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે મે/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર દેવઓરમ બિલ્ડિંગમા ઓફીસ નંબર એ/307/308 "ઓલા ફ્લીટ ટેકનોલોજી પ્રા.લી" ખાતે રેશીકાંતની કંપનીમાં નોકરી કરતો આરોપી રવીકુમાર રામેશ્વરભાઇ માલી (ઉ.વ.૨૩)(રહે.ઝંડા ચોક સીવીલ હોસ્પિટલ પાસે, નવા અસારવા) એ કંપનીની અલગ-અલગ ફોરવ્હીલ ગાડીઓની અલગ-અલગ ઓપરેટર પાસેથી ડીપોઝીટની તથા વેરીફિકેશનની રકમ મેળવી લઇ, અમુક વેરીફીકેશન અને ડીપોઝીટની રકમ કંપનીની કલેકશન શીટમાં એન્ટ્રી નહી કરી કુલ રૂપિયા ૨,૦૬,૫૦૦/- આજદીન સુધી કંપનીમાં જમા નહીં કરાવી નોકરી છોડી જતા રહી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મુનીરમહમંદભાઇ ઇસુબભાઇ ચલાવે છે.

**કાગડાપીઠ** : (૧) કુણાલ અનિલભાઈ ગુપ્તા (ઉ.વ.૩૨)(રહે.આશીમા ટાવર સંદેશ પ્રેસની સામે વસ્ત્રાપુર) એ તા.૧૩/૦૨/૧૯ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૭/૨૦૧૭ થી તા.૧૫/૧૧/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન ન્યુ ક્લોથ માર્કેટ ખાતે આરોપી (૧) શ્રીમતિ નીશા અરિહંત પારેખ (નીશા એઝીમના પ્રોપોરાઈટર રહે.સ્નેહ સરીતા એપાર્ટમેન્ટ પુષ્પકુજ કાંકરીયા) (૨) અરિહત પારેખ (૩)પ્રકાશ રંગવાણી અને (૪) રમેશ સુરના નાઓએ ભેગામળી "નીશા એઝીમ" નામની પેઢી ખોલી કાપડનો વેપાર ધંધો શરૂ કરી, કુલ ૭૬ બીલના કાપડના કુલ રૂપિયા ૨,૬૨,૦૧,૮૧૩/- નુ કાપડ મેળવી લઈ, રૂપિયા નહી ચુકવી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો..ઈ.શ્રી એસ.એસ.મોદી ચલાવે છે.

**કાગડાપીઠ** : (૨) વિનયકુમાર શીવકુમાર કેજરીવાલ (રહે.અજુન ટાવર, સી.પી.નગર પાર્ટ-૨, ઘાટલોડીયા) એ તા.૧૩/૦૨/૧૯ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે વર્ષ ૨૦૧૬ તથા વર્ષ ૨૦૧૭-૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ન્યુ ક્લોથ માર્કેટ ખાતે આરોપી (૧) શૈલેષ કાપડીયા (રહે, શ્રી ઘંટાકર્ણ મહાવીર માર્કેટ, ન્યુ કલોથ માર્કેટ, કાગડાપીઠ) અને તેના મળતીયા માણસોએ ભેગા મળી કુલ રૂપિયા.૧,૧૪,૮૨,૩૬૬/- તથા સાહેદ પ્રતિકકુમાર પાસેથી કુલ ૧૧ વેપારીઓએ રૂપિયા ૨,૨૬,૭૪,૭૫૯/- નુ કાપડ ખરીદ કરી, ગુનાહીત ઇરાદા સાથે વેપારી પેઢીઓ ઉભી કરી વેપારી તરીકે તથા એજન્ટ તરીકે ઓળખ આપી, કાપડ બજાર માર્કેટના ૯૦ દિવસના વાયદા મુજબ વિશ્વાસમાં લેવા ચેકો આપી, આજદીન સુધી કોઇ રૂપિયા નહીં ચુકવી, વિનયકુમાર તથા સાહેદ પ્રતિકકુમારના કાપડના મળી કુલ રૂપિયા ૩,૪૧,૫૭,૧૨૫/- ઓળવી લઈ, વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો..ઈ.શ્રી એસ.એસ.મોદી ચલાવે છે.

**નારોલ** : કેવલભાઇ શ્યામસુંદર અગ્રવાલ (રહે.અશ્વરાજ બંગ્લોઝ પ્રહલાદનગર ગાર્ડન પાસે પ્રહલાદનગર) એ તા.૧૩/૦૨/૧૯ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નારોલ સર્કલ સ્વામીનારાયણ પ્લાઝા –૧ ખાતે આરોપી (૧) રાજ કાર્ગો ટ્રાન્સપોર્ટ નારોલ ના હરીશભાઇ (રહે.ગોપી ટેક્ષટાઇલ સામે મટન ગલી નારોલ)(૨) મુંબૈ રાજકાર્ગો ટ્રાન્સપોર્ટ ના માણસ અને (૩) ભેરવા ટેક્ષટાઇલના સંજયભાઇ તથા અન્ય મળતીયા માણસોએ ભેગા મળી બીલ નં. SFPL/723/18-19 તથા SFPL/724/18-19 થી બ્લુ ડેનીમ કાપડ કુલ ૧૮૧૫૭ મીટર કુલ કિંમત રૂપિયા ૧૬,૫૮,૬૪૨/- મતાનું રાજ કાર્ગો ટ્રાન્સપોર્ટ નારોલ ના હરીશભાઇ મારફતે રીધમ ટેક્ષટાઇલ પ્રા.લી. (સરનામુ જે-૬ MIDC તારાપુર તા.-પાલઘર જી-થાને મુબંઇ) ખાતે મોકલી આપવા માટે તા.૨૩/૧૦/૧૮ ના રોજ મોકલેલ કાપડ તેમની ટ્રાન્સપોર્ટ મારફતે રીધમ ટેક્ષટાઇલ પ્રા.લી. નાઓએ ઓર્ડર કેન્સલ કરતા પરત કાપડ મંગાવતા તે કાપડ કેવલભાઇની સંમતી વિના તેમજ અસલ ઇન્વોઝ બીલ વગર ભૈરવ ટેક્ષટાઇલના સંજયભાઇને વેચી મારી કેવલભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ નારોલ પોલીસ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૯૧/૧૯**

**શાહીબાગઃ** રઘુનંદન શ્રીરામ દારૂકા (રહે.ઋષિકા એપાર્ટમેન્ટ સુજાતા ફ્લેટ સામે શાહીબાગ) એ તા.૧૨/૦૨/૧૯ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૨/૧૯ સાંજના ૭/30 થી રાતના ૮/00 વાગ્યા દરમ્યાન પોતાના ફ્લેટના પાર્કિંગમા પાર્ક કરેલ પોતાની એક્ટીવાની ડેકીનું લોક તોડી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,00,000/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**અપમૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૯૨/૧૯**

**નિકોલઃ** નિકોલ સુવાસ હાસ્પિયા રેસીડન્સી સાઇડ ઉપર કામ કરતા અને ત્યાજ રહેતા મુકેશ મહાવિર રેહતોલ (ઉ.વ.૧૯) (મુળ વતન ગામ જ્વાસ જોતરી તા-ખેરવાડા જી-ઉદેપુર રાજસ્થાન) તા.૧૩/૦૨/૧૯ કલાક ૭/૪૦ વાગ્યા પહેલા સાઈટ નજીક ઉભા હતા ત્યારે ત્રીજા માળેથી લોખંડનો સળીયો પડતા મુકેશના માથામાં ધુસી જતા ગંભીર ઈજાઓ થતા તેનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશોકભાઇ ગલાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૯૩/૧૯**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** (૧) નરેશભાઇ શીવાભાઇ વાઘેલા (ઉ.વ.૪૨) (રહે.હરિજનવાસ ભરવાડવાસ પાછળ રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૨/૧૯ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે દુધેશ્વરબ્રીજ નીચે નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિશારઅહેમદ ઉસ્માનમિયા ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** (૨) રમેશલાલ ચંદનલાલ રામચદ્રાણી (ઉ.વ.૫૫)(રહે.સિંધી કોલોની સરદારનગર) એ બિમારીથી કંટાળી તા.૧૩/૦૨/૧૯ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે ઈન્દીરાબ્રીજ નીચે રીવરફ્રંટ ઘાટ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિશારઅહેમદ ઉસ્માનમિયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.